# તૃષ્ણા એક એવી તરસ છે કે જે કદીય સંતોષાતી નથી..!



જીવન સરગમ
બિન્દુબેન કચરા

તૃષ્ણા એક એવી તરસ છે જે કદીય સંતોષાતી નથી. આ તરસ છે પૈસાની, કીર્તિની, વધુ જીવવાની, લાયકાત કરતાં વધુ મેળવી લેવાની વગેરે. આ યાદી પૃથ્વીને એક આંટો મારી શકે એટલી લંબાઈ શકે છે. પાણીની તરસ થોડા ઘૂંટમાં સંતોષાઈ જાય પણ તૃષ્ણાને સંતોષ સાથે દુશ્મની છે. તૃષ્ણા રાક્ષસી છે, એનું જડબું ખૂબ પહોળું છે. એમાં જેટલું ઓરો તેટલું સ્વાહા. ચાહે ઈન્દ્રનું સિંહાસન કે ત્રણ ભુવનની સમૃદ્ધિ તેને સમર્પિત કરી દેવામાં આવે તો પણ તેનું જડબું ભરાય નહિ પણ ખાલી ને ખાલી જ રહે.

એક માણસ કંગાળ સ્થિતિમાં હતો. તેના મનમાં થયું બધું દુઃખ સારું પણ ભૂખનું દુઃખ નહીં સારું, મને ખાવાનો સૂકો રોટલો મળે તો કેવું સારું? પેટ ભરીને સુખી થાઉં. તેને સૂકો રોટલો મળવા લાગ્યો. થોડા દિવસ પછી તેને થયું. આ સૂકો રોટલામાં શું ખાવાનું? ગરમ ગરમ રોટલી મળે તો સારું. તે પણ પ્રભુકૃપાએ મળી ગયું. પછી થયું મિષ્ટાન્ન સાથે હોય તો કેવું સારું! પુણ્ય યાગ મિષ્ટાન્ન પણ મળ્યું. થોડા દિવસ તે ખાઈને ધરાયો એટલે થયું ચાલો હવે ખાવાનું તો બરોબર છે પણ રહેવા માટે ઘર હોય તો કેવું સારું! પાછું મન સળવળ્યું અરેરે! આ ઘરમાં એકલા એકલા તો કંઈ ગમે નહિ, ઘરને લાયક ગૃહિણી તો જોઈએ ને? બૈરાં વગરનું ઘર કંઈ ઘર કહેવાય? ભગવાન કરે ને જો બૈરું મળી જાય તો કેવું સારું! આનંદ જ આનંદ.

નસીબજોગે બૈરું મળ્યું. થોડાં વર્ષો આમ વીત્યાં તો મનની ભૂખ સળવળી - અરેરે! ભગવાન ખોળાના ખૂંદનાર પુત્ર વગર તો જીવન નકામું. મારું ઘર બાળકના આગમનથી નંદનવન બની જાય એવું સુખ પ્રભુ આપો..!

દૈવયોગે પુત્ર સાંપડયો, પુત્ર મોટો થયો, પુત્રને પરણાવવાનો લ્હાવો લીધો. હવે પૌત્રની આશા કોરી ખાય છે. એ આશા પણ પૂર્ણ થઈ અને વધારેમાં વધારે અધિકાર અને હોંશની આશા વિશાળ બની. મોટરબંગલાની ઈચ્છા થઈ. મારી પોતાની મિલ હોય તો કેવું સારું.

આમ તૃષ્ણા સેવતાં વૃદ્ધ થયો પણ તેની આશા વૃદ્ધ થતી નથી, એ તો વધતી જ ગઈ.

તૃષ્ણાની કોઈ હદ નથી. એની કોઈ સીમા નથી, જેમ એ પૂરી થતી જાય તેમ તેમ વધુ માંગતી જવાની. ક્યારેય પણ એનો આરો, ઓવરો કે અંત નહિ. જડબું પહોળું ને પહોળું. જેટલું નાંખો એટલું હજમ, છતાં પણ સુખ નહિ.

નેવું વર્ષના વૃદ્ધાને યમના દૂત લેવા આવ્યા. 'ચાલો માજી...!'

''થોડા દી ખમી જા, ભૈયા, મારા દીકરાનો દીકરો છે, એના લગન થઈ જવા દે.'' પૌત્રના લગ્ન થઈ ગયા પછી યમદૂત લેવા આવ્યા તો માજીએક હું હવે પ્રપૌત્રનું મોઢું જોઈ લેવા દો. પછી પાછા યમદૂત આવ્યા તો કહે કે પ્રપૌત્રનો જનોઈનો પ્રસંગ માણી લેવા દો. સાચી વાત એ હતી કે વૃદ્ધાને કદીય મરવું નહોતું. મૃત્યુને ટાળવાની કોશિશ એ કરે છે જેને જીવ્યાનો સંતોષ નથી. મૃત્યુવેળાએ હજી તો આ રહી ગયું ને તે રહી ગયું એવું મનમાં થાય તે અસંતોષના મૂળમાં તૃષ્ણા પડેલી હોય છે. તૃષ્ણા નિરાંતે જીવવા દેતી નથી અને શાંતિથી મરવા પણ દેતી નથી.



માણસ સો વર્ષે મૃત્યુ પામે ત્યારે પણ તપાસવા બેસીએ તો કંઈક ને કંઈક બાકી રહી જતું હોય એવું જરૂર લાગવાનું. જેમ જેમ સંપત્તિસુખ, વૈભવ, મોજશોખ વધતાં જાય તેમ તેમ માનવીની તૃષ્ણા પણ વધતી જાય છે. તૃષ્ણા વધતાં પરિતોષ દૂર થાય છે. અસંતોષ વધે છે અને અતૃપ્તિ જીવનનો આનંદ ઝૂંટવી લે છે.

ઓગણચાલીસ વર્ષ પાંચ મહિના અને ચોવીસ દિવસના સ્વામી વિવેકાનંદ મૃત્યુના થોડા દિવસ પહેલાં એવું વિધાન કરે છે- ''મેં મારું કામ કરી દીધું છે. હવે મારે જવું જોઈએ.'' આવું એ જ કહી શકે જેણે જીવનની પ્રત્યેક ક્ષણ ઈશ્વર પાસેથી ઊછીની લીધી હોય અને તે કેવી રીતે વાપરી તેનો હિસાબ આપી શકે. ચાલીસ વર્ષની જિંદગીમાં વિવેકાનંદે કોઈ વ્યક્તિ પાંચસો વર્ષ જીવીને કરે એટલું કામ કર્યું હતું. સંત જાગૃત હોય છે. જીવનની ક્ષણભંગુરતાને જાણે છે એટલે તૃષ્ણાથી દૂર રહી શકે છે.

ઈચ્છા રાખવી એ ખોટું નથી, ઈચ્છા છે તો જીવન પણ છે. રજોગુણી માટે ઈચ્છા વગરનું જીવન શક્ય નથી, પણ એ ઈચ્છા દુરાગ્રહ બની વકરે છે ત્યારે એનું તમોગુણમાં રૂપાંતર થાય છે. પછી એ ઈચ્છા કોઈ પણ રીતે પૂર્ણ કરવા માટે અનીતિનો સહારો લેવાનું સ્વીકાર્ય બને છે ત્યારે તે તૃષ્ણા બને છે. સાહિત્યનું પ્રતિષ્ઠિત પારિતોષિક મળે એવું કોઈ લેખક ઈચ્છે તો વાજબી છે પણ યેન-કેન પ્રકારેણ લાયકાત ન હોય તો પણ તે પારિતોષિક પોતાને નામે કરી લેવું તેવી ઝનૂની ઈચ્છા તૃષ્ણા છે. આ વૃત્તિએ આપણા સંસ્કાર વારસા પર કુઠારાઘાત કર્યો છે.

**તૃષ્ણાની કોઇ હદ નથી. એની કોઇ સીમા નથી, જેમ એ પૂરી થતી જાય તેમ તેમ વધુ માંગતી જવાની. ક્યારેય પણ એનો આરો, ઓવરો કે અંત નહિ. જડબું પહોળું ને પહોળું. જેટલું નાંખો એટલું હજમ, છતાં પણ સુખ નહિ**

સંપત્તિ ભલે વધી પણ આત્માની, ઉન્નતિ નહિ પણ અવનતિ થઈ છે. શાંતિ નહિ પણ અશાંતિ, અજંપો વધ્યાં છે. જરૂર છે વિવેકની. વિવેક જળવાય તો તૃષ્ણા આપોઆપ નિર્મૂળ થાય. તો વાચકમિત્રો! સંસારમાં તમામ અનર્થોનું મૂળ 'તૃષ્ણા' છે. ત્યાગ જેમ માનવીને ઉન્નતિના શિખરે પહોંચાડે તેમ તૃષ્ણા રાગ માનવીને અવનતિની ખાઈમાં ધકેલી દે છે. જીવનનો આનંદ માણવાનું અનિવાર્ય છે. પણ કેવળ મોજશોખ એ જ આનંદ આપનારી ચીજ છે એવી માન્યતાથી પ્રેરાઈને તેની ઘેલછા કેળવનારા અથવા ઘેલછાનો ત્યાગ નહિ કરી શકનારા પોતે સુખી થઈ શકતા નથી કે બીજાને સુખી કરી શકતા નથી.

તૃષ્ણાનો ત્યાગ જ જીવનને સાચો આનંદ અર્પી શકે છે. તૃષ્ણાત્યાગમાં જ દિવ્ય સુખ રહેલું છે. સંતોષી નર સદા સુખી. સંતોષના સુખ જેવું બીજું કોઈ સુખ નથી.

## સુવર્ણરજ

**થોડુંક ગુમાવ્યા પછી પણ કેટલું બધું બચ્યું છે એનો વિચાર તમારા આનંદના ઝરાને અખંડિત રાખશે.**